# ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત

# માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બોર્ડની પરીક્ષામાં A-1, A-2 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

## માર્ગદર્શન આપનાર આચાર્યો અને શિક્ષકોનું પણ સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૬

ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના માર્ચ - એપ્રિલ ૨૦૨૨ની બોર્ડની પરીક્ષામાં એ-૧ અને એ-૨ ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને તેઓને માર્ગદર્શન આપનાર આચાર્યો અને શિક્ષકોનો સન્માન સમારંભ તા.૨૪-૯-૨૦૨૩ના રોજ સાંજે છ કલાકે દિવાળી બાગ મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ રાંદેર ખાતે યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે એડવાઈઝરી કમિટીના ચેરમેન ડો.ફારૂકભાઈ ગુલામભાઈ પટેલ (કે.પી.), એડવાઈઝર કમિટીના ડિરેક્ટર જ.મુલ્લા અબ્દુલ હય અને જ. ભામ કાસીમ યુસુફ તેમજ સોસાયટીના પ્રમુખ જ.મહેબુબ પલ્લા, માનદમંત્રી જ.અબ્દુલ રહેમાન યુ.સૈયદ તેમજ સોસાયટીના હોદ્દેદારો, કારોબારી




સભ્યો, સોસાયટીના આજીવન સભ્યો અને શહેરના મહાનુભાવો, તમામ શાળાઓના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. એ-૧ અને એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમને માર્ગદર્શન આપનાર આચાર્યો અને શિક્ષકો મળીને કુલ ૬૯ને સન્માનીત કરવામાં આવ્યા હતા. વધુમાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સોસાયટી તરફથી પ્રત્યેકને રૂા.પાંચ હજારનું રોકડ ઈનામ પણ આપવામાં આવ્યું હોવાનું ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના સહ-માનદમંત્રી અસલમખાન પઠાણએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.